## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




**તૈયારી રાખવાની પેટ્રોલના ભાવ હવે વધશે તો... આપણે રોજ સાયકલ ડે જ ઊજવવાનો આવવામો છે...!!!**

# એક દિવસ હું આપણાં દેશને ગૌરવ આપવીશ : અગનિશ્વર

**ગરૂડ એરોસ્પેસના સ્થાપક અને સીઈઓ અગનિશ્વર જયપ્રકાશનો નરેન્દ્ર મોદીને પત્ર : ગરૂડ ડ્રોને ૩ બિલિયન ડોલરના કિટનાશકોનો છંટકાવ કર્યો**

ગાંધીનગર, તા.૩

ગરૂડ એરોસ્પેસના સ્થાપક અને સીઈઓ અગનિશ્વર જયપ્રકાશે પ્રગતિ મેદાન દિલ્હી ખાતે ડ્રોન મહોત્સવ દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખુલ્લો પત્ર લખ્યો છે. આ પત્રમાં જણાવાયું છે કે, છેલ્લા ૮ વર્ષથી સમગ્ર વિશ્વએ ભારતમાં ઝડપથી ગતિ પકડી રહેલ ડ્રોન ક્ષેત્રનો ક્રાંતિકારી વિકાસ નોંધ્યો છે, જો આપની વિકાસશીલ નીતિઓ ન હોત તો ઈંડિયન ડ્રોન ઈકોસિસ્ટમનો આ વિકાસ શક્ય બન્યો ન હોત.

આ સાથે તેમણે લખ્યું છે કે 'હું મારી જાતને વચન આપું છું કે એક દિવસ , હું આપને અને આપણા દેશને ગૌરવ આપવીશ. મે પ્રતિજ્ઞા લીધી છે કે હું ભારતમાં એક મજબૂત ડ્રોન ઈકોસિસ્ટમ બનાવીશ જે ૧ અબજ ભારતીયોને અસર કરશે, ૧૦ લાખ યુવાનોને રોજગારી આપશે અને ભારતીય અર્થતંત્ર ને પાંચ ટ્રિલિયન ડોલરનું બનાવવાના આપના વિઝનનું સાધન બનશે. આજે ગરૂડના કાફલામાં ૩૦૦ ડ્રોન્સ, ૫૦૦ પાઈલોટ, અને ૨૦૦ એંજિનિયર્સ વૈશ્વિક કક્ષાની નિપુણતા સાથે દેશના ૨૬ શહેરોમાં કાર્યરત છે. અમને ગર્વ છે કે અમે ભારતની સૌથી વિશાળ ઉત્પાદન સુવિધા ગુરગાંવ અને ચેન્નઈમાં ધરાવીએ છીએ જેમાં ૩૦ વિવિધ પ્રકારના ડ્રોન્સનું ઉત્પાદન થાય છે અને વિવિધ ૪૫ સર્વિસિસ આપે છે. ગરૂડ પાસે ઈનહાઉસ ફર્મવેર અને સૉફ્ટવેર ડેવલોપમેન્ટ ટીમો છે જે એડ્વાન્સ ડેટા પ્રોસેસિંગ એઆઈ, એમએલ અને ક્લાઉડ આધારિત પ્લેટફોર્મ તૈયાર કરે છે જે અમારા ક્લાઈન્ટ જાણકાર નિર્ણયો લેવામાં યોગ્ય સમયે મદદ કરે છે. આગામી ૬ ક્વાટર્સમાં ૪૦૦ મિલિયન ડોલરની અંદાજિત આવક સાથે ગરૂડે એગ્રીટેક સેકટરમાં ૨૦૦ મિલિયન ખેડૂતો માટે ખાધ – પાક ઉત્પાદકતા વધારવા વાળા કિસાન ડ્રોનનો ઉપયોગ કરીને ૩ બિલિયન ડોલરના કિટનાશકોનો છંટકાવ કરીને માર્કેટમાં સ્થાન બનવીને પ્રભુત્વ બનાવ્યું છે. વર્તમાનમાં ૨૫૦ મિલિયન ડોલરનું મૂલ્ય ધરાવનાર ગરૂડ ભારતનું સૌથી વધુ મૂલ્યવાન ડ્રોન સ્ટાર્ટ અપ છે અને ભારતનું સર્વપ્રથમ ડ્રોન યુનિકોન સ્ટાર્ટ અપ બનવાની તૈયારી પર છે. મોદીજી, હું ઉપયુર્ક્ત તમામ માટે આપનો ઋણી છું , તમારા દૂરદર્શી નેતૃત્વ દ્વારા ૨૦૨૧માં ડ્રોન કાનૂનોને ઉદાર બનાવવાને લીધે જ ખૂબ જ ઓછા સમયમાં આ સંભવ બન્યું છે.'

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરનો સેવાસેતુ સે. ૨૪માં તેમજ ગાંધીનગર તાલુકાનો સેવાસેતુ સાદરા ખાતે યોજવામાં આવેલ છે.

● ગાંધીનગરમાં 'જ' રોડ પર આવેલ નર્મદા ઘાટ ખાતે આજે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ પટેલની ૯૪મી જન્મ જયંતિ નિમિત્તે પ્રાર્થના સભા યોજાઈ હતી.

● કલોલ તાલુકાના બોરીસણા ગ્રામ પંચાયત દ્વારા રાધેશ્યામ સોસાયટી ખાતે નવીન બોર બનાવવામાં આવતાં સોસાયટીના રહીશોએ રાહતની લાગણી અનુભવી છે. આ પ્રસંગે ગણપતસિંહ ઠાકોર તેમજ પંચાયતના સભ્યો અને રહીશો હાજર રહ્યા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના ડ્રાયવરો આજે ડ્રાયવર રૂમની માંગ સાથે પંચાયત પ્રમુખને મળ્યા હતા.

● રાજ્યના પંચાયત વિભાગે આગામી માસથી રાજ્યના વધુ ૬ જિલ્લાઓમાં રેકર્ડ ડિજીટાઈઝેશનની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

● ૬ઠ્ઠી જૂનના રોજ સરકારી પોલીટેકનીક કોલેજ સે. ૨૬ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

● રાજ્યના વર્તમાન ધારાસભ્યોએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન વિસ્તાર વિકાસ ફંડની કુલ ૧૦૦૪.૧૫ કરોડમાંથી ૬૭૭.૫ કરોડ રૂ.નો ખર્ચ થયો છે.

● સારગાસાણમાં ગટરના દૂષિત પાણી ઉભરાતા રોગચાળો ફાટી નીકળવાની દહેશત સૌ રહીશોને સતાવી રહી છે.

● ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ દ્વારા દ્વિતીય વણકર પ્રતિભા સન્માન સમારોહ રવિવારે એલ.ટી.સી. ખાતે યોજાઈ ગયો.

● આજે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા પર્યાવરણનું આપણા જીવનમાં મહત્વ તેમજ આજના સમયમાં તેની જરૂરિયાત અંગે એક સેમિનાર સે. ૧૫ આઈટીઆઈ ખાતે યોજવામાં આવેલ છે.

## દહેગામ વિસ્તારમાં ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડી રમતોનું ઉદ્‌ઘાટન



ગાંધીનગર, તા. ૩

સાંસદ ખેલ સ્પર્ધા અંતર્ગત અમદાવાદ પૂર્વ લોકસભાના સાંસદ હસમુખભાઈ એસ. પટેલ દ્વારા આયોજિત દહેગામ વિધાનસભામાં ક્રિકેટ વોલીબોલ, કબડ્ડી રમતોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. જેમાં દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ મહામંત્રી રમણભાઈ દેસાઈ, એપીએમસી ચેરમેન સુમેરૂભાઈ અમીન, તાલુકા પંચાયત પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ પીનાબેન શાહ, તાલુકા પ્રમુખ કનુભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ અમરીશભાઈ, શહેર મહામંત્રી યોગેન્દ્રભાઈ શર્મા, જિલ્લા યુવા મોરચા મહામંત્રી ભુલાભાઈ દેસાઈ, જયમીનભાઈ પટેલ, જિલ્લા તથા તાલુકા પંચાયતના સદસ્યો નગરપાલિકાના સદસ્યો, દહેગામ યુવા મોરચાના પ્રમુખ, મહામંત્રી, હોદ્દેદારો તથા રમતવીરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અડાલજ નર્મદા કેનાલ પાસેથી માનવ યુગલના કંકાલ મળ્યાં

ગાંધીનગર, તા.૦૩

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલના જોગણી માતાનાં બ્રિજથી ઝુંડાલ તરફ જતા એક રસ્તા પાસેના ખાડામાંથી એક મહિલા અને એક પુરુષનું કંકાલ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. આ સ્થળે કંકાલ પડયાં હોવાનો જાણ થતાં અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી બી વાળા તેમના સ્ટાફ સાથે ઘટના સ્થળે ધસી ગયાં હતા અને તેમણે માનવ કંકાલ સળગાવી દીધેલી હાલતમાં મળી આવ્યાં હતાં.

માનવ કંકાલ મળવાની ઘટનાને પગલે પોલીસે આ અવાવરુ જગ્યાની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી જેમાં માથું સહીતના શરીરના અંગોના અવશેષો છૂટાછવાયા મળી આવ્યાં હતા. આશરે ૨૫થી ૪૦ વર્ષ વચ્ચેની વય ધરાવતાં મહિલા અને પુરુષના વિકૃત કંકાલને કારણે સમગ્ર વિસ્તારમાં અત્યંત અસહ્ય દુર્ગંધયુક્ત માહોલ હતો. પોલીસે ડોગ સ્કવોર્ડ અને એફએસએલની ટીમને સ્થળ પર બોલાવી લઈને બંને કંકાલનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પેનલ ડોકટરોની ટીમ મારફતે પોસ્ટ મોર્ટમ કરાવવામાં આવતાં તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કર્યા પછી પુરાવાનો નાશ કરવા માટે બન્ને લાશોને સળગાવી દેવામાં આવી હોવાની હકીકત પ્રકાશમાં આવી છે. આ હત્યા અંદાજીત સાતેક દિવસ અગાઉ કરવામાં આવી હોય તેવું બંને લાશોને જોતા લાગી રહ્યું હતું.

## ભારતીય પેરા બેડમિન્ટન ટીમે ૫ ગોલ્ડ અને ૫ સિલ્વર સાથે ૧૭ મેડલ્સ જીત્યાં

**ગાંધીનગરની પારૂલ પરમારને બંને કેટેગરીમાં કાંસ્ય પદકથી સંતોષ માનવો પડ્યો**

ગાંધીનગર, તા.૦૩

ભારતીય પેરા બેડમિન્ટન ટીમે તા. ૨૩-૨૯ મે ૨૦૨૨ના રોજ ૪થી ફઝ્ઝા પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલમાં ૭ ગોલ્ડ સહિત ૧૭ મેડલ જીતીને દેશને ગૌરવ અપાવ્યું છે. જોકે ગાંધીનગરની જાણીતી અર્જુન એવોર્ડી અને ગોલ્ડ મેડલની દાવેદાર ખેલાડી પારૂલ પરમારને બંને કેટેગરીમાં કાંસ્ય પદકથી જ સંતોષ માનવો પડ્યો હતો.

ભારતીય ટીમમાં સુવર્ણ પદક જીતનાર ખેલાડીઓમાં પ્રમોદ ભગત, માનસી જોશી, મનીષા રામદાસ, જોડીમાં મનદીપ કૌર અને મનીષા રામદાસ તેમજ

નિત્યા શ્રી અને રચના પટેલનો અને રજત પદક મેળવનાર ખેલાડીઓમાં નિતેશ કુમાર, મનદીપ કૌર, તરુણ ધિલ્લોન, નિત્યા શ્રી, ધીનગરન



અને શિવરાજનનો સમાવેશ થાય છે. આ સાથે કાંસ્ય પદકો મેળવનાર ખેલાડીઓમાં મનોજ સરકાર, જ્યોતિ વર્મા, પારુલ પરમાર, લતાતાઈ ઉમરેકર અને જોડીમાં પલક કોહલી અને પારુલ પરમાર, નિતેશ કુમાર અને તરુણ ધિલ્લોન તેમજ રૂતિક રઘુપતિ અને માનસી જોશીનો સમાવેશ થાય છે.

# રાજ્યની ૫૩૦૨૯ આંગણવાડીમાં પોષણ ટ્રેકર એપ્લીકેશન દ્વારા નજર

**કુપોષણ સામે લડવા ગુજરાત બન્યુ ડિજિટલ ટ્રેકર ડેશબોર્ડ પર ૯૯.૯૯% આંગણવાડી કાર્યકરો કાર્યરત**

ગાંધીનગર, તા.૩

દેશના તમામ રાજ્યોમાં કેન્દ્ર સરકાર દ્વારા પોષણ અભિયાન શરુ કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત રાજ્યમાં કુપોષણનો દર ઘટાડવા, સગર્ભા અને ધાત્રીમાતાઓને પોષણ અને આરોગ્ય અંગેનું શિક્ષણ, પૂર્વ પ્રસૂતિ સેવાઓ, જોખમી સગર્ભા માતાઓને ઓળખીને તેને સંદર્ભિત સેવાઓ પૂરી પાડવા તેમજ વાલીઓમાં કુપોષણ અંગે જાગૃતિ લાવવા જેવી સેવાઓ આપવા માટે મંગળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. સાથે સાથે પોષણ ટ્રેકર દ્વારા ડિજિટલી રીતે તમામ જીલ્લાની સ્થિતીની સમીક્ષા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે.

પોષણ અભિયાન અંતર્ગત ૧૧ જેટલા રજીસ્ટરોના સ્થાને ૫૩,૦૨૯ આંગણવાડીમાં સ્માર્ટફોન સુવિધા પુરી પાડીને તામામ કામગીરી સ્માર્ટફોન દ્વારા ડિજિટલી રીતે કરવામાં આવે છે. તમામ આંગણવાડી કાર્યકરોના સ્માર્ટફોનમાં પોષણ ટ્રેકર એપ્લીકેશન ડાઉનલોડ થયેલ છે. જેમાંથી પોષણ ટ્રેકર ડેશબોર્ડ પર ૯૯.૯૯% આંગણવાડી કાર્યકરો કાર્યરત છે અને રજીસ્ટર થયેલ અંદાજીત ૪૬ લાખ લાભાર્થીઓની દેખરેખ રાખવામાં આવી રહી છે. ખાસ કરીને દરેક આંગણવાડી કાર્યકર દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકોના વિકાસ-વૃદ્ધિની દેખરેખ કરવા માટે પોષણ અભિયાન અંતર્ગત બાળકો તથા માતા માટે ઉંચાઈ અને વજન માપવાના સાધનો પૂરા પાડવામાં આવ્યા છે. જેના દ્વારા આંગણવાડી કેન્દ્રો પર હાલમાં પોષણ ટ્રેકર ડેશબોર્ડ મુજબ અંદાજીત ૯૯% ગ્રોથ મોનિટરીંગ કરવામાં આવે છે. કોઈ પણ અભિયાનને સફળ બનાવવા માટે લોકોની ભાગીદારી ખુબજ જરુરી હોય, પોષણ અંગે લોકજાગૃતિ કેળવવા અને લોકોને પોષણનું મહત્વ સમજાવવા માટે જન આંદોલન સ્વરૂપે આંગણવાડી કક્ષાએ મંગળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં રાજ્યભરમાં અત્યાર સુધીમાં પોષણ અભિયાનના કુલ ૨૯,૯૧,૫૧૭ મંગળ દિનની ઉજવણી (સીબીઈ) કરવામાં આવી છે.



સેક્ટર-૬માં ગ-૨ ચોકડી નજીક કેટલાક અસામાજિક તત્વો બાઈક સળગાવીને નાસી ગયા હતા. અંગત અદાવતમાં કે અન્ય કોઈ કારણોસર આ કૃત્ય કરવામાં આવ્યું હોય તેવુ લાગી રહ્યું છે.

## ધો-૯-૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓનો લેવાશે રી- ટેસ્ટ

**શાળા સંચાલક મંડળની રજૂઆત બાદ લેવાયો નિર્ણય**
**માસ પ્રમોશનને કારણે ધોરણ ૯ અને ૧૧માં મોટી સંખ્યામાં બાળકો નાપાસ થયા જેથી આ નિર્ણય લેવાયો**

ગાંધીનગર , તા.૩

કોરોનાકાળમાં સતત ૨ વર્ષથી મળતા માસ પ્રમોશનને કારણે વિદ્યાર્થીઓને પાયો કાચો જોવા મળ્યો છે. માસ પ્રમોશનને કારણે આ વર્ષે ધોરણ ૯ અને ૧૧માં મોટી સંખ્યામાં બાળકો નાપાસ થયા છે. ત્યારે રાજ્યમાં ધો-૯ અને ૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે મોટો નિર્ણય લેવાયો છે.૧૩ જૂન સ્કૂલ શરૂ થયા બાદ ધો-૯-૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓનો રી ટેસ્ટ લેવામાં આવશે. શાળા સંચાલક મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. કોરોનાને કારણે વિદ્યાર્થીઓના પરિણામ પર અસર પડી છે. બાળકોના અભ્યાસ પર અસર પડતા નિર્ણય લેવાયો છે.

ગત મે મહિનાના ૯ તારીખના રોજ રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા શિક્ષણ બોર્ડને પત્ર લખવામાં આવ્યો હતો. અને રજૂઆત કરવામા આવી હતી કેધોરણ ૯ અને ૧૧માં ફરીથી પરીક્ષા લેવામાં આવે. રાજ્ય શાળા સંચાલક મંડળે માગ કરતા જણાવ્યું કે, સતત બે વર્ષથી મળતા માસ પ્રમોશનથી વિદ્યાર્થીઓને નુકસાની થઈ રહી છે. આ વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થતાં ધોરણ ૯ અને ૧૧ની પરીક્ષા ફરીથી લેવાની જરૂર છે. જે બાદ રાજ્ય સરકારે ધો-૯-૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની રી ટેસ્ટ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ.પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાનું માર્ચ-એપ્રિલ ૨૦૨૨ની પરીક્ષાનું પરિણામ તારીખ આવતીકાલ ૦૪/૦૬/૨૦૨૨ ના રોજ સવારે ૦૮:૦૦ કલાકે જાહેર થશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ-૧૦ અને સંસ્કૃત પ્રથમાનું માર્ચ-એપ્રિલ ૨૦૨૨ ની પરીક્ષાનું પરિણામ તારીખ ૦૬/૦૬/૨૦૨૨ ના રોજ સવારે ૦૮:૦૦ કલાકે પ્રસિધ્ધ થશે



પીએસઆઈની પરીક્ષામાં ઓપન કેટેગરીમાં વિદ્યાર્થીઓને અન્યાય થયો હોવાની રજૂઆતને લઈને કેટલાક ઉમેદવારો ઉપવાસ-આંદોલન માટે વિધાનસભા નજીક એકત્ર થયા હતા. પોલીસે તેમની અટકાયત કરી ધરણા પ્રદર્શન તેઓએ અટકાવ્યુ હતુ.

## સેવાસેતુ કાર્યક્રમની સાથે ઈ-શ્રમ નોંધણી તથા મતદાર યાદી સુધારણા કેમ્પ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની નાગરિકોની વ્યક્તિલક્ષી અરજીઓના ત્વરીત નિકાલના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા. ૪ જૂન,૨૦૨૨, શનિવારના રોજ સમય સવારે ૯ કલાકથી સાંજના ૫ કલાક સુધી ગાંધીનગર મહાનગરપાલિકાકક્ષાએ વોર્ડ નં.૩માં સ્વામી વિવેકાનંદ સ્કૂલ, સેક્ટર ૨૪, ગાંધીનગર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ૯ થી ૨ કલાક દરમિયાન અરજદારો પાસેથી રજૂઆત અને તેના પૂરાવા મેળવવામાં આવશે. આ રજૂઆતો અને અરજીઓના નિકાલની કામગીરી સાંજે ૫ વાગ્યા સુધી કરવામાં આવશે. જે દરમિયાન અરજદારોને તેમણે કરેલ રજૂઆતોના આખરી નિકાલની જાણ કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમિયાન મતદાર યાદી સુધારણા કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં ગાંધીનગરના નાગરિકો મતદાર યાદીમાં નામ ઉમેરવા, નામ કમી કરવા, ચૂંટણી કાર્ડમાં સુધારો કરવા માંગતા હોય તો સુધારો કરાવી શકશે. ખાસ કરીને નવીન મતદારો તેમનું નામ મતદાર યાદીમાં ઉમેરાવી શકશે.

સેવાસેતુ કાર્યક્રમ દરમિયાન ઈ-શ્રમ કાર્ડ નોંધણી કેમ્પનું પણ આયોજન કરેલ છે. અસંગઠિત ક્ષેત્રે કામ કરતા કામદારોને ઈ-શ્રમ કાર્ડની નોંધણી બાદ સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળી શકે તે હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે શ્રમિકોની ઉંમર ૧૬ થી ૬૦ વર્ષની છે, તેઓ આ કેમ્પનો લાભ લઈ શકશે. આ કેમ્પ દ્વારા લાભાર્થી આધાર કાર્ડ, મોબાઈલ નંબર અને બેંક પાસબુકની નકલ સાથે રાખીને ઈ-શ્રમ કાર્ડ માટે નોંધણી કરાવી શકશે અને સરકારની આ યોજનાનો લાભ મેળવી શકશે.

આ સાથે પર્યાવરણની સુરક્ષાના સંદેશાને પ્રસરાવવા માટે વૃક્ષારોપણ કાર્યક્રમનુંપણ આયોજન કરવામાં આવશે. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાંઆવશેઅનેઆ વૃક્ષોનું જતન શ્રી સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલના સંચાલક સંજીવભાઈ મહેતા અને તેમની ટીમ દ્વારા કરવામાંઆવશે.

## સરકારી ઈજનેરી કોલેજના દિનેશકુમાર મેવાડાને પીએચડીની પદવી એનાયત

ગાંધીનગર,તા.૦૩

સરકારી ઈજનેરી કોલેજ સેક્ટર-૨૮, ગાંધીનગર ના મિકેનિકલ વિભાગના સહાયક પ્રાધ્યાપક દિનેશ કુમાર દશરથભાઈ મેવાડાએ રજૂ કરેલ મહાશોધ નિબંધ 'ઈન્વેસ્ટીગેસશન એન્ડ પર્ફોર્મન્સ એનાલિસિસ ઓફ મૉડિફિકેશન્સ ઈન સોલાર સ્ટીલ ફોર ઈંક્રેમેન્ટ ઈન ડિસ્ટિલેટ આઉટપુટ' ને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી એ માન્ય રાખી તેમને મિકેનિકલ વિષયમાં પીએચડીની પદવી પ્રદાન કરી છે. તેમનો મહાશોધ નિબંધ સરકારી ઈજનેરી કોલેજ, પાટણના મિકેનિકલ



વિદ્યાશાખાના ડો. હિતેશ એન. પંચાલના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.

## કામધેનુ યુનિવર્સિટીના વેટરનરી સાયન્સ કોલેજ ભવનનું ભૂમિપૂજન

ગાંધીનગર, તા. ૩

કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગર, હસ્તકની વેટરનરી સાયન્સ કોલેજ ભવનનું તથા વેટરનરી સાયન્સ અને ફિશરીઝ સાયન્સના કુમાર અને કન્યા છાત્રાલય રાજપુર (નવા) હિંમતનગર ખાતે ભૂમિ પૂજન અને ખાત મુહૂર્તનો સમારોહ ગુરુવારે સવારે ૧૦.૩૦ કલાકે આયોજિત કરવામાં આવ્યો હતો. જે કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કૃષિ,પશુપાલન અને ગૌ સંવર્ધન મંત્રી રાઘવજીભાઈ પટેલ, પશુપાલન અને ગૌ સંવર્ધન રાજ્યકક્ષા મંત્રી દેવાભાઈ માલમ, સાબરકાંઠાના સાંસદ સભ્ય દીપસિંહ રાઠોડ અને કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડો. એન.એચ. કેલાવાલાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કૃષિ,પશુપાલન અને ગૌ સંવર્ધન મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવેલ કે પશુપાલન થકી ગામોમાં ખેડૂતોની આવક વધી




છે. શ્વેતક્રાંતિ અમૂલના કારણે થયેલ છે. પશુ ચિકિત્સા ક્ષેત્રે દરેક જીલ્લા ગામમાં પશુ દવાખાના ઉપરાંત ફરતું પશુ દવાખાનાની વ્યવસ્થા ગુજરાત સરકારે કરેલી છે. પશુઓમાં રસીકરણના કારણે પશુઓમાં બીમારીનો દર નિયંત્રણમાં છે.

આ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના યુનિવર્સિટી અધિકારીઓ વિસ્તરણ શિક્ષણ નિયામક, કુલસચિવ, હિસાબ નિયામક તેમજ યુનિવર્સિટીના કાર્યપાલક ઈજનેર પણ ઉપસ્થિત રહેલ હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કામધેનુ યુનિવર્સિટી, હિંમતનગર સંકુલના તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ખુબ જ જહેમત ઉઠાવેલ હતી.